RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૬૭ તા.૧૪–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અરૂણ એસ.પાઠક
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ એસ.પાઠકની તા. ૩૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) મ્યુનિ.કમિશ્નર સાહેબશ્રીને સંબોધીને આઈશ્રી ખોડિયારનગર ગૃપ હા.સ્કીમના લેટર ઉપર શ્રીમતિ સુલોચનાબેન હીરાલાલ સાળી તથા સોસાયટીના રહીશોની સહી સાથેની અરજી આપ સાહેબશ્રીના કચેરીએ તા. ૨૦–૭–૧૧ના રોજ રીસર્વ કરાવેલ છે જેના અનુસંધાને જે કંઈ પણ તપાસ કે કાર્યવાહી સુરત મહાનગરપાલિકા તરફથી કરવામાં આવી હોય તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતીની સહી સિકકાવાળી નકલો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૬૭/૨૦૧૧–૧૨

શ્રી અરૂણ એસ.પાઠકની તા. ૩૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મ્યુનિ.કમિશ્નર સાહેબશ્રીને સંબોધીને આઈશ્રી ખોડિયારનગર ગૃપ હા.સ્કીમના લેટર ઉપર શ્રીમતિ સુલોચનાબેન હીરાલાલ સાળી તથા સોસાયટીના રહીશોની સહી સાથેની અરજી આપ સાહેબશ્રીના કચેરીએ તા. ૨૦–૭–૧૧ના રોજ રીસીવ કરાવેલ છે જેના અનુસંધાને જે કંઈપણ તપાસ કે કાર્યવાહી સુરત મહાનગરપાલિકા તરફથી કરવામાં આવી હોય તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતીની સહી સિકકાવાળી નકલો આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૯૨ તા.૨૦–૧૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા પછી પણ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી. જયારે અરજદારના તા.૨૬–૧૨–૧૧ પત્ર થી મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૩૮૭ તા.૨૩–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, મ્યુ. કમિશ્નરશ્રીને તા.૩–૧૨–૧૦ ના રોજ કરેલ અરજી ૨૦–૭–૧૧ ના રોજ આપેલ તેની નકલ, અત્રે મળેલ છે.

અરજદારનીતા.૩૦–૯–૧૧ ની અરજીથી નિર્દિષ્ટ વિષય બાબતે માહિતી માંગતી અરજી લીંબાયત ઝોનને લગતી મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયત ઝોનના રેકર્ડ મુજબ અરજીમાં જણાવેલ સોસાયટીના લે–આઉટ પ્લાન પાસ કરવાની કામગીરી શહેર વિકાસ વિભાગ, મુખ્ય કચેરી ધ્વારા હાથ ધરવામાં આવે છે. અને નકશામાં સી.ઓ.પી.ની જે જગ્યા દર્શાવામાં આવે છે. તેમાં એરિયા પણ જણાવેલ હોય છે. તેવું સમય અવધિ બાદ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૩૮૭ તા.૨૩–૧૧–૧૧ થી જણાવેલ. જયારે અરજદારે તા.૨૬–૧૨–૧૧ ના પત્રમાં જાહેર માહિતી અધિકારી તરફથી અધુરી તથા ખોટી માહિતી આપેલ હોવાનુ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં આપેલ માહિતીમાં અરજદારે મુળ અરજીમાં માંગેલ કાર્યવાહીને લગતી માહિતી કે નકલ પુરી પાડેલ નથી. તેવી રજુઆત પુરક વિગતના પત્રમાં જણાવેલ છે.

અત્રે એ પણ સુચક છે કે જાહેર માહિતી અધિકારીએ અરજદારને અપીલ માહિતીપત્ર કે અન્ય પત્ર ધ્વારા અરજી તબદીલ કે માહિતિના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ અરજદારને જણાવ્યાની વિગતો અત્રે રજુ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૩૦–૯–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ અરજદારની તા.૨૦–૭–૧૧ ના રોજ આવેલ અરજી બાબતે થયેલ– નહીં થયેલ કાર્યવાહીને લગતી દફતરી ઉપલબ્ધ હકીકત લક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રે ની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણ એસ.પાઠક,